# ૨ ઉમીથી પેટ્રોલપંપ માલિકો હડતાળ પર : ઉંચા ડિલર માર્જિનની ભલામણ

નવી દિલ્હી, તા.૧૩

ઉંચા ડિલર માર્જિનની તરફેણ અને સરકારી પેનલ દ્વારા કરવામાં આવેલી ભલામણને અમલી બનાવવામાં પેટ્રોલિયમ મંત્રાલયની નિષ્ફળતા સામેના વિરોધમાં પેટ્રોલ પંપના માલિકોએ દેશભરમાં ૨ ઉમી એપ્રિલથી આ ચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જવાની ધમકી આપી છે. ૨ ઉમી એપ્રિલથી પેટ્રોલ પંપના માલિકો જો હડતાળ પાડશે તો વધુ વિકટ સમસ્યા સર્જાશે. પેટ્રોલ પંપના માલિકોની ફરિયાદોના નિરાકરણ માટે સરકારી પેનલની રચના કરવામાં આવી હતી. દેશભરમાં ૪૦ હજાર પેટ્રોલપંપને આવરી લેતી છત્ર સંસ્થા ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા પેટ્રોલિયમ ટ્રેડર્સે કહ્યું છે કે પેનલે એવી ભલામણ કરી હતી કે ડિલર કમિશનને પેટ્રોલ ઉપર લીટરદીઠ ૩૯ પૈસા સુધી વધારવામાં આવે જ્યારે ડીઝલ પર કમિશનને ૧૭ પૈસા સુધી વધારવામાં આવે. પરંતુ ભલામણ તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. ભલામણોને અમલી બનાવવામાં પેટ્રોલિયમ મંત્રાલય નિષ્ફળ રહ્યો છે. ૨૦મી સપ્ટેમ્બર ૨૦૧૦થી આવીજ હડતાળની આગાહી ડિલરો દ્વારા કરવામા આવી હતી પરંતુ અપૂર્વ ચંદ્રના નેતૃત્વ હેઠળ પેનલની રચના કરવામાં આવી હતી. તત્કાલિન

### પંપ માલિકોમાં રોષ.....

- ૨ ઉમીથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાની ધમકી
- ઉંચા ડિલર માર્જિનની માંગણી કરાઈ
- ફરિયાદ નિવારણ માટે રચાયેલી સરકારી પેનલની ભલામણો અમલી નહીં બનાવવાનો સરકાર પર આક્ષેપ
- ૪૦ હજાર પેટ્રોલ પંપના માલિકો હડતાળ પર જઈ શકે
- ડિલર કમિશનમાં પેટ્રોલ પર લીટરદીઠ ૩૯ પૈસાનો વધારો કરવાની માંગ
- ડીઝલ પર ડિલર કમિશનને લીટરદીઠ ૧૭ પૈસા વધારવાની માંગણી
- છેલ્લા બે વર્ષના ગાળામાં માર્જિનમાં વધારો કરાયા વગર પેટ્રોલની કિમતમાં લીટરદીઠ રૂપિયા ૨૨નો અને ડીઝલની કિમતમાં રૂપિયા ૯નો વધારો થયો છે
- હાલમાં ડિલરોને કમિશન તરીકે પેટ્રોલ પર લીટરદીઠ ૧.૪૪ અને ડીઝલ પર ૮૭ પૈસા મળે છે.

પેટ્રોલિયમ પ્રધાન મુરલી દેવડાએ આ પેનલની રચના કરી હતી. અપૂર્વચંદ્ર મંત્રાલયમાં તત્કાલિન સંયુક્ત સચિવ હતા. કમિટિના રિપોર્ટના ૧૮ મહિનાનો ગાળો થઈ ગયા હોવા છતાં પેટ્રોલિયમ મંત્રાલયે તેમની પોતાની કમિટિની ભલામણોને અમલી બનાવી નથી. માર્જિનને વધારવાની રજુઆત કરવામાં આવી હતી. માર્જિન પેટ્રોલ ઉપર ૨૭ પૈસા અને ડીઝલ પર ૧૫ પૈસા વધારવાનો નિર્ણય કરાયો હતો.

પરંતુ માર્જિનમાં નોધપાત્ર વધારો કરવામાં આવ્યા વગર છેલ્લા બે વર્ષમાં પેટ્રોલની કિમતમાં લીટરદીઠ રૂપિયા ૨૨ અને ડીઝલની



કિમતમાં રૂપિયા ૯નો વધારો થઈ ગયો છે. હવે ડિલરોને કમિશન તરીકે ડીઝલ પર લીટરદીઠ ૮૭ પૈસા અને પેટ્રોલ પર ૧.૪૪ રૂપિયા પ્મળે છે. તેઓએ ફિક્સ્ડ માર્જિનના બદલામાં કમિશન તરીકે છુટક કિમતના ૫ ટકાની માંગણી કરી છે. આ માંગણી મંત્રાલયના પેનલે ફગાવી દીધી છે. પેટ્રોલ પંપના માલિકોની હાલત હાલમાં કફોડી બનેલી છે. શ્રીલંકામાં ડિલર કમિશન તરીકે છુટક કિમત પર પાંચ ટકા રકમ મળે છે જ્યારે પાકિસ્તાનમાં ૪ ટકા અને નેપાળમાં ૩ ટકા રકમ મળે છે. ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા પેટ્રોલિમય ટ્રેડર્સના જનરલ સેક્રેટરી અજય બંસલે કહ્યુ છે કે પેટ્રોલ પંપના માલિકોને નુકશાન દરરોજ વધી રહ્યું છે. ડિલરો ઓઈલ કંપનીઓના વલણથી પણ નારાજ છે.

# શાહરૂખની ન્યુયોર્ક એરપોર્ટ ઉપર અટકાયત : ભારતીય ચાહકો અને ભારત સરકાર નારાજ

ન્યુયોર્ક, તા.૧૩

બોલિવુડના કિંગ ગણાતા શાહરૂખ ખાનની ન્યુયોર્ક એરપોર્ટ ઉપર અટકાયત કરવામાં આવતા ભારતીય ચાહકો અને ભારત સરકાર ભારે નારાજ છે. અલબત્ત અમેરિકાએ આ મામલામાં પરંપરાગત રીતે માફી માંગી લીધી છે પરંતુ આ મામલો હજુ ભારે ગરમી જગાવે તેવી શક્યતા છે.

યેલ યુનિવર્સિટી જવા માટે ન્યુયોર્ક વિમાનીમથકે પહોંચેલા બોલિવુડના કિંગ શાહરૂખખાનને બે કલાક સુધી રોકી લેવામાં આવતા વધુ એક નવો વિવાદ ઉભો થઈ ગયો હતો. યેલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સંબોધન કરવા માટે શાહરૂખખાન જઈ રહ્યો હતો ત્યારે વિમાની મથકે શાહરુખ ખાનને રોકી લેવામાં આવતા તેના ચાહકોમાં



નારાજગીનું મોજુ ફરી વળ્યુ છે. શાહરૂખ યેલે યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને લેક્ચર આપવા માટે પણ નિર્ધારિત કાર્યક્રમ બાદ પહોંચ્યો હતો. ૪૬ વર્ષીય શાહરૂખખાન બે વાગે પ્રેસ કોન્ફરન્સને સંબોધન કરનાર હતો અને યાલે યુનિવર્સિટીમાં ચાર વાગે લેક્ચર આપનાર હતો. પરંતુ તે પ્રેસ મીટ માટે નિર્ધારિત કાર્યક્રમ કરતા ત્રણ કલાક મોડેથી પહોંચ્યો હતો. તેના લેક્ચરની શરૂઆત પણ છ વાગે થઈ હતી. યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સંબોધન કરતા શાહરૂખખાને કહ્યું હતું કે અમેરિકામાં ઈમિગ્રેશનના અધિકારીઓ હમેંશા તેના સ્ટારડમને ફટકો આપે છે.આવા સંજોગોમાં હમેંશા તે જીતે છે. શાહરૂખાનની ન્યુયોર્ક વિમાનીમથકે બિનજરૂરીરીતે કલાકો સુધી અટકાયત કરવામાં આવ્યા બાદ અમેરિકાએ આ મામલે માફી માંગી લીધી છે. બીજીબાજુ ભારતે આ મામલાની ગંભીર નોંધ લઈને આક્રમક વલણ અપનાવ્યું હતું. અમેરિકાના કસ્ટમ વિભાગે આના માટે માફી માંગી છે પરંતુ ભારત આને હજુ સર્વોચ્ચ સ્તરે ઉઠાવવા માંગે છે. વિદેશ પ્રધાન એસએમ કૃષ્ણાએ અમેરિકામાં ભારતના રાજદુત નિરૂપમા રાવને આ મામલો ટોચના સ્તરે ઉઠાવવા સુચના આપી છે. તેમણે કહ્યું છે કે વારંવાર સન્માનિત ભારતીયોને અટકાયતમાં લેવા અને ત્યારબાદ માફી માંગવાની ટેવ હવે સહન કરી શકાય નહી. સુત્રોના જણાવ્યા મુજબ વિદેશ પ્રધાને એમ પણ કહ્યું છે કે અમેરિકા આવુ વર્તન કર્યા બાદ પરંપરાગત રીતે માફી માંગી લે છે. અમને હવે માફી નહી પરંતુ ખાતરી જોઈએ છીએ. પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામની તો દિલ્હી જ કોન્ટિનેન્ટલ એરલાઈન્સના વિમાનમાં બેઠા બાદ ચકાસણી કરવામાં આવી હતી. કેન્દ્રિય પ્રધાન પ્રફુલ્લ પટેલને શિકાગો એરપોર્ટ પર પુછપરછ માટે રોકવામાં આવ્યા હતા. પૂર્વ કેન્દ્રિય પ્રધાન શાહનવાઝ હુસૈનના નામ પર વાંધો ઉઠાવીને અમેરિકાએ તેમને વીઝા આપવામાં બહાનાબાજી કરી હતી. જ્યારે સંયુક્ત રાષ્ટ્ર સંમેલનમાં ભાગ લેવા માટે ગયેલા હુસૈન સાથે ખરાબ વર્તન કરવામાં આવ્યું હતું. હુસૈને આ મામલે દરમિયાનગારી કરવા ભારત સરકારને અપીલ કરી હતી. આખરે ભારે હોબાળો મચી જતા અમેરિકાએ તેમને વીઝા આપ્યા હતા.

અગાઉ પણ શાહરુખ ખાનને અમેરિકામાં એક વખત રોકવામાં આવ્યો હતો. શાહરુખ ખાને આ અંગે પ્રતિક્રિયા કરતા પરોક્ષ રીતે પોતાની નારજગી વ્યક્ત કરી હતી. શાહરુખ ખાને કહ્યું હતું કે કેટલાક અધિકારીઓએ તેને પ્રશ્નો પણ કર્યા હતા. શાહરુખ ખાનની સાથે નિતા અંબાણી પોતાની ખાનગી વિમાનથી ન્યૂયોર્કના વાઈટ પ્લેન વિમાની મથક ઉપર પહોંચ્યા હતા. અંબાણીની પુત્રી યેલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહી છે. સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે બાકીના તમામ યાત્રીઓને ઈમિગ્રેશન ડિપાર્ટમેન્ટમાંથી બહાર જવા માટે મંજૂરી આપી દેવામાં આવી હતી. પરંતુ શાહરુખ ખાનને રોકી લેવામાં આવ્યો હતો. મોડેથી શાહરુખ ખાનને બહાર જવાની મંજુરી આપવામાં આવી હતી. આ ઘટના કારણે શાહરુખ ખાન ખૂબ જ હેરાન અને નારાજ દેખાઈ રહ્યો હતો. યેલ યુનિવર્સિટીના અધિકારીઓને જ્યારે આ ઘટનાની જાણ થઈ ત્યારે તેઓએ વોશિંગટનમાં ગૃહ સુરક્ષા મંત્રાલય અને ઈમિગ્રેશન વિભાગના અધિકારીઓનો સંપર્ક કર્યો હતો. વર્ષ ૨૦૦૯માં પણ શાહરુખ ખાનને ન્યુયોર્ક વિમાની મથકે રોકી લીધો હતો. અને તેની પૂછપરછ કરવામાં આવી હતી. એક વખતે પણ શાહરુખના ચાહકોએ ભારે વાંધો ઉઠાવ્યો હતો. ભારત સરકારે પણ આ મામલે રજૂઆત કરી હતી. શાહરુખે કહ્યું હતું કે હમેશની જેમ જ આ વખતે પણ તેની અટકાયત કરાઈ હતી. શાહરુખ ખાન સાથે બનેલા આ બનાવથી બોલિવુડમાં પણ ફરી એકવાર ચર્ચા છેડાઈ ગઈ છે. બોલિવુડના અન્ય કલાકારોને પણ ન્યુયોર્કમાં અગાઉ આ પ્રકારની પૂછપરછનો સામનો કરવો પડ્યો છે. આ વખતે શાહરુખ ખાનને ન્યુયોર્ક એરપોર્ટ ઉપર કેમ રોકવામાં આવ્યો તે અંગે અમેરિકા તરફથી હજુ સુધી કોઈ ખુલાશો કરવામાં આવ્યો નથી. પરંતુ ભારત સરકારની રજૂઆત બાદ આ સંબંધમાં કોઈ સ્પષ્ટતા કરવામાં આવે તેવી શક્યતા છે. શાહરુખ ખાન હવે યેલ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને સંબોધન કરનાર છે. શાહરુખના આગમનને લઈને યેલ યુનિવર્સિટીમાં ભારે ઉત્સુક્તા છે.

# રવિન્દર રિશી સામે મની લોન્ડરિંગ કેસ

નવી દિલ્હી, તા. ૧૩

ટાટ્રા ટ્રકના મામલામાં તપાસ વધુ ઝડપથી આગળ વધી રહી છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા વેટ્રાના અધિકારીઓની ચેનલો મારફતે તપાસની વિગતો મેળવ્યા બાદ રવિન્દર રિશી સામે કેસ દાખલ કરવામાં આવી ચુક્યો છે. આ



વડા રવિન્દર રિશી અને તેમની કંપની સામે મની લોન્ડરીંગ કેસ દાખલ કરવામાં આવ્યો છે. ટાટ્રા સિપોક્સ યુકે અને સંરક્ષણ પીએસયુ બીઈએમએલ વચ્ચે થયેલ સંરક્ષણ સોદાબાજીમાં ગેરકાયદે ફંડના મામલામાં હવે તપાસ હાથ ધરવામાં આવી છે. સીબીઆઈ અને અન્ય સંબંધમાં રિશી સહિત કેટલાક લોકોની પુછપરછ કરવામાં આવે તેવી શક્યતા છે. સુત્રોના જણાવ્યા મુજબ ઈડી સંરક્ષણ સોદાબાજીમાં હવે ઝડપથી તપાસ કરી રહી છે. જાણવા મળેલી માહિતી મુજબ કોઈ ગેરરીતે દેખાશે તો તપાસ કરવામાં આવશે. સેનાના વડા વીકે સિંહે આક્ષેપ કર્યો હતો કે લેફ્ટી. જનરલ (નિવૃત્ત) તેજીન્દર ખન્નાએ રવિ રિશી તરફથી તેઓને જંગી લાંચની ઓફર કરી હતી.૧૪ કરોડની લાંચની ઓફર કરવામાં આવી હોવાના વીકે સિંહના આક્ષેપ બાદ દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. સેના માટે ટાટ્રા ટ્રકની ફાઈલને મંજૂરી આપવા માટે જંગી લાંચની ઓફર કરવામાં આવી હતી. સીબીઆઈ અગાઉ સેનાને ટાટ્રા ટ્રક સપ્લાયના મામલામાં ગેરરીતીના સબંધમાં અનેક રિશી પુછપરછ કરી હતી. ઈડીએ ટાટ્રા સિપોક્સ સાથે સંબંધીત દસ્તાવેજો રજુ કરવા રિશીને આદેશ કર્યો હતો. બીઈએમએલ સાથે ટાટ્રા સિપોક્સની સમજુતી સાથે સંબંધિત દસ્તાવેજો આપવા રિશીને કહેવામાં આવ્યું હતું આ સમજુતી ૧૯૯૭માં કરવામાં આવી હતી. ટેક્સ રિટર્ન અને ફાઈનાન્સીયલ નિવેદનોની વિગત આપવા માટે કહેવામાં આવ્યું હતું. રવિન્દર રિશીની તકલીફ આગામી દિવસમાં વધી શકે છે.

## આઈપીએલના ટીઆરપીમાં ઘટાડો

નવી દિલ્હી, તા. ૧૩

ઈન્ડિયન પ્રીમિયર લિગની લોકપ્રિયતામાં દિન પ્રતિદિન ઘટાડો થઈ રહ્યો છે. ઈન્ડિયન પ્રીમિયર લિગ-૫ની મેચોમાં ચાહકોની સંખ્યામાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. ટીવી રેટિંગમાં પણ અગાઉના વર્ષોની સરખામણીમાં ઘટાડો થયો છે. ટેમ મિડીયા રિસર્ચના જણાવ્યા મુજબ પ્રથમ છ મેચોમાં ટેલિવિઝન વ્યુઅર રેટિંગમાં ૧૮.૭ ટકાનો ઘટાડો થયો



છે. અગાઉના સત્રની સરેરાશ ૪.૬૩ ટકાની સરખામણીમાં આ વખતે રેટિંગ ૩.૭૬ છે. આઈપીએલ-૫ની લોકપ્રિયતા સૌથી ઓછી દેખાઈ રહી છે. આઈપીએલના પાંચ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત એવી સ્થિતિ સર્જાઈ છે કે કુલ ચાહકોની સંખ્યામાં પણ ઘટાડો થયો છે. ગયા વર્ષે આઈપીએલમાં છેલ્લા ચાર સત્રની સૌથી ઓછી ટીવી રેટિંગ નોંધવામાં આવી હતી. વર્ષ ૨૦૧૦ની સરખામણીમાં આ રેટિંગ ૨૯ ટકા ઓછા છે. આ વર્ષે પણ આવુ જ પુનરાવર્તન થયું છે. જાણકાર લોકોનું કહેવું છે કે ખૂબ વધારે પડતી મેચો થઈ રહી છે. ચાર મેચોના પ્લે ઓફથી પહેલા ૯ ટીમો વચ્ચે કુલ ૭૬ મેચો રમાનાર છે. આઈપીએલના પ્રમુખ રાજીવ શુકલાએ રેટિંગમાં થયેલા ઘટાડાની કબૂલાત કરી છે પરંતુ કહ્યું છે કે બીસીસીઆઈ માટે ક્રિકેટના ત્રણેય સ્વરૂપ મહત્વપૂર્ણ છે. આઈપીએલના ટીઆરપી રેટિંગમાં કોઈ ઘટાડો થયો નથી. આઈપીએલને આ વખતે જાહેરાતો પણ ઓછી મળી રહી છે. અગાઉના વર્ષોની સરખામણીમાં ઘણી કંપનીઓ જાહેરાતમાંથી ખસી ગઈ છે. જેથી આવક પણ ઓછી થઈ છે. આવી જ સ્થિતિમાં ટીઆરપીમાં ઘટાડો વધારે ચિંતાજનક છે. આઈપીએલમાં નવા પ્રાણ ફુકવા અને તેની લોકપ્રિયતા ટકાવી રાખવા વધુ પગલા લેવા પડશે.

# ઇન્ફોસીસ ૩૫૦૦૦ લોકોને નોકરી આપવા માટે સુસજ્જ

બેંગલોર, તા. ૧૩

દેશની બીજી સૌથી મોટી આઈટી કંપની ઈન્ફોસીસે આજે કહ્યું હતું કે તે તેના બીપીઓ ઓપરેશન માટે ૧૩૦૦૦ કર્મચારીઓ સહિત આ નાણાંકીય વર્ષમાં કુલ ૩૫૦૦૦ કર્મચારીઓની ભરતી કરશે. ઈન્ફોસીસ તેના નેટવર્કને અતિ ઝડથી ફેલાવવાની યોજના ધરાવે છે. જેના માટે પ્રાથમિક તૈયારી પહેલાથી હાથ ધરવામાં આવી છે. ચીફ ફાયનાન્સિયલ ઓફિસર અને બોર્ડના ઈન્ફોસીસ સભ્ય વી. બાલાકૃષ્ણને કહ્યુ હતું કે અમે આગામી વર્ષ સુધી ૩૫૦૦૦ વધુ કર્મચારીઓ ઉમેરવા માંગીએ છીએ. જેમાં તેના બીપીઓ ઓપરેશન માટે ૧૩૦૦૦ કર્મચારીઓનો સમાવેશ થાય છે. ઈન્ફોસીસ અને તેની ગૌણ સંસ્થાઓએ વર્ષ ૨૦૧૨ના ચોથા ત્રિમાસિક ગાળામાં ૧૦૬૭૬ કર્મચાપીઓ ઉમેર્યા છે. જ્યારે આ ગાળા દરમિયાન નેટ ઉમેરો ૪૯૦૬ લોકો રહ્યો છે. ૩૧મી માર્ચના આંકડા મુજબ ઈન્ફોસીસના કુલ કર્મચારીઓનું સંખ્યા બળ ૧૪૯૯૯૪ હતુ. ઈન્ફોસીસે તેના નેટવર્કને સતત ફેલાવવામાં




ઉલ્લેખનીય સફળતા મેળવી હતી. ઈન્ફોસીસે આજે તેના પરિણામ પણ જાહેર કર્યા હતા.કંપની અમેરિકામાં પણ આશરે ૧૨૦૦ કર્મચારીઓની ભરતી કરવાની યોજના ધરાવે છે. છેલ્લા બે વર્ષમાં દર વર્ષે અમેરિકામાં ૧૨૦૦ લોકોની ઓનસાઈટ ભરતી કરવામાં આવી છે. આ વર્ષે પણ સ્થાનિક લોકોની ભરતી કરવાની પ્રક્રિયા અમેરિકામાં ચાલુ રાખવામાં આવશે. બાલાકૃષ્ણને કહ્યું હતું કે અમેરિકામાં વધુ ૧૨૦૦ની ભરતી કરવામાં આવશે.

છેલ્લા કેટલાક મહિનાઓમાં ભારતીય ટેકનોલોજી કંપનીઓ સામે આઉટસોર્સિંગ વિરોધી ઝુંબેશના કારણે તકલીફ થઈ છે. અમેરિકા અને યુરોપિયન યુનિયનમાં આ મુજબની સ્થિતી સર્જાઈ છે. આ દેશોમાં નારાજગી વધી છે. અમેરિકા અને યુરોપિયન યુનિન જ દેશની સોફ્ટવેર અને આઈટી સર્વિસ કંપનીઓ છે. આ દેશોમાં રાજકારણીઓ અને સરકારો પણ ભારત જેવા દેશોમાં તેમની કંપનીઓના કામના આઉટસોર્સિંગ સામે વાંધો ઉઠાવી રહી છે. ઈન્ડસ્ટ્રીઝ નિષ્ણાંતોનું કહેવુ છે કે અંગત હિતમાં ટુંકા ગાળાના નિર્ણય લેવામાં આવી રહ્યા છે. આના માટે રાજકારણ પણ જવાબદાર છે. મોટા ભાગની ભારતીય ટેકનોલોજી કંપનીંએ છેલ્લા થોડાક વર્ષોમાં ટિકા ટિપ્પણીઓને શાંત પાડવા માટે સ્થાનિક લોકોને પશ્ચિમ દેશોમાં નોકરી આપી છે.

## રોકેટ લોંચમાં નિષ્ફળતા મળી છે : ઉત્તર કોરિયાની કબુલાત

પ્યોંગયાંગ, તા.૧૩

ઉત્તર કોરિયાએ રોકેટ લોન્ચમાં નિષ્ફળતા મળી હોવાની આખરે કબુલાત કરી લીધી છે. રોકેટ લોન્ચમાં નિષ્ફળતા મળ્યાના આશરે ચાર કલાક બાદ ઉત્તર કોરિયાએ આ મુજબની કબુલાત કરી હતી. ઉત્તર કોરિયાના અધિકારીઓને ટાંકીને સમાચાર સંસ્થાએ જણાવ્યું હતું કે, રોકેટ લોન્ચની પ્રક્રિયા ભારતીય સમય મુજબ વહેલી પરોઢે ૪.૦૯ વાગે હાથ ધરવામાં આવી હતી. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા કિમ મીન સીઓકે કહ્યું હતું કે, રોકેટ લોન્ચમાં નિષ્ફળતા મળી છે કે સીઓકે કહ્યું હતું કે લોન્ચના મિનિટો બાદ જ રોકેટના ટુકડે ટુકડા થઈ ગયા હતા અને પોતાની રીતે જ નીચે મળતા તંત્રમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ હતું. તેમણે કહ્યું હતું કે અમેરિકા અને દક્ષિણ કોરિયાના અધિકારી આ લોન્ચ ઉપર નજર રાખી રહ્યા હતા. દક્ષિણ કોરિયા અને જાપાનના અધિકારીઓએ કહ્યું છે કે તેમની પણ આના ઉપર નજર હતી. ઉત્તર કોરિયા શરૂઆતથી જ કહેતુ આવ્યું છે કે આ રોકેટ શાંતિપૂર્ણ ઉદ્દેશ્ય માટે એક ઉપગ્રહને અંતરીક્ષની સપાટીમાં



સ્થાપિત કરવા માટે છે. પરંતુ પશ્ચિમી દેશો આ લોન્ચને ગુપ્ત બેલાસ્ટિક પરીક્ષણ તરીકે જોઈ રહ્યા હતા. પશ્ચિમી દેશોએ દલીલ કરી હતી કે આ લોન્ચ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ દ્વારા ઉત્તર કોરિયા પર મુકવામાં આવેલા પ્રતિબંધોના ભંગ તરીકે છે. સંયુક્ત રાષ્ટ્રના રાજદુતે કહ્યું હતું કે, સુરક્ષા પરિષદ એક ઈમરજન્સી બેઠક યોજનાર છે જેમાં ભાવી રણનિતિ તૈયાર કરવામાં આવશે. જાપાનના સરંક્ષણ મંત્રીએ કહ્યું છે કે અમે ઉત્તર કોરિયા દ્વારા લોન્ચ અંગે માહિતી મળી છે. તેમણે કહ્યું હતું કે આ રોકેટ એક મિનિટથી વધુ સમય સુધી હવામાં રહ્યા બાદ દરિયામાં ખાબકી જવાની માહિતી મળી છે.











